વિદ્યા, વિનય, વિચાર, વાણી અને વર્તનનો સમન્વય એટલે...

# પંચશીલ

ક્રિએટીવ સંકુલ દ્વારા સંચાલિત પંચશીલ સ્કૂલનું માસિક


વર્ષ : ૧૧ | અંક : ૧૦૬ | પેઇજ : ૧૨

સંપાદક : ડૉ. ડી.કે. વાડોદરીયા | જુલાઇ : ૨૦૨૨ | સંયોજક : યોગીરાજસિંહ જાડેજા






सब धरती कागज करुँ ।
लिखनी सब बनराय ।
सात समुद्र की मसि करुँ ।
गुरु गुण लिखा न जाय ।

**गुरु पुर्णिमा की शुभ कामनायें ॥**


શિવનગર મેઇન રોડ, પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ.
ફોન : (0281) 2382626, મો. : 88 66 11 00 11, 88 66 22 00 22, 88 66 33 00 33
Web : www.panchshilschool.org, Email : admin@panchshilschool.org, panchshilschool2011@gmail.com



# વિદ્યાર્થી ઘડતર

જીવનની સૌથી વધુ મૂલ્યવાન, સૌથી વધુ સર્જનાત્મક, સૌથી વધુ ઉત્સાહજનક અવસ્થા એટલે શાળાકીય વિદ્યાર્થી અવસ્થા. જિજ્ઞાસાનું ઝીણું ઝીણું જતન જયાં થાય એ શાળા વિદ્યાર્થીનું સર્જનાત્મક ઘર એટલે શાળા, બાળકમાં રહેલી તમામ શારીરિક, માનસિક, બૌદ્ધિક અને સંવેદનાત્મક શકિતઓને યોગ્ય ઘાટ આપવાનું પવિત્ર કાર્ય શાળા દ્વારા થાય છે. વ્યકિતમાં રહેલી નૈસર્ગિક શકિતઓને વિકસાવી સાહિત્ય, સંગીત, કલાવિષયક ક્ષેત્રોને ખીલવવાનું યજ્ઞકાર્ય શાળાએ કરવાનું છે. આથી જ શાળાનું મહત્વ અને જવાબદારી સવિશેષ છે.

વિદ્યાર્થીના જીવનઘડતરમાં માતા-પિતા, શિક્ષકો અને સાથીમિત્રોની ભૂમિકા સવિશેષ છે. બાળકની શિશુ અવસ્થા પૂર્ણતઃ મા-બાપ પર આધારિત છે. આ સમયે મા-બાપની રહેણીકરણી, રીતભાત અને બાળકના વાણી વર્તન, અને સંસ્કાર-ઘડતર પર અસરકારક ભાગ ભજવે છે. મા બાળકની સાચી શિક્ષિકા બની રહે તે માટે મા પાસે જીવન પ્રત્યેનો વિધાયક દૃષ્ટિકોણ અને જીવનને આનંદપૂર્ણ બનાવવાનો ઉત્સાહ હોય એ આવશ્યક છે.

કિશોર અવસ્થા સુધી વિદ્યાર્થી શિક્ષકને જ ભગવાન સમજે છે. શિક્ષકની આજ્ઞાનું અક્ષરશઃ પાલન કરે છે. આ આજ્ઞાધીનતાનો શ્રેષ્ઠ ઉપયોગ કરી વિદ્યાર્થીઓમાં પડકારને ઝીલી લેવાનું અને સમસ્યાના સમાધાન માટે મથવાનું પ્રેરકબળ વિકસે એ માટે શિક્ષકની ભૂમિકા મહત્વની છે.

તારુણ્યકાળ અને તે પછીની અવસ્થામાં સાથીમિત્રોની હૂંફ અને સ્નેહ જીવનધ્યેયને સુનિશ્ચિત કરવા અને તે માટે પ્રેરિત કરવામાં ઉપયોગી પુરવાર થાય છે. આ સમયે શ્રેષ્ઠ મિત્રો જ સાચા સંબંધી બની રહે છે. સાચા મિત્રો જ જીવનને સાચી દિશા પ્રાપ્ત કરવામાં મદદરૂપ થઇ શકે. મા-બાપ, શિક્ષકો અને સાથીમિત્રો જીવન વિકાસના મહત્વના પરિબળો, જયારે યોગ્ય ભૂમિકા ભજવવાને બદલે વિકાસ માટેના અવરોધક પરિબળ બની રહે, ત્યારે વિદ્યાર્થીનું વ્યકિતત્વ ગૂંગરામણ અનુભવે છે.

**-: નકારાત્મક બાબતો :-**

(૧) હતાશાજનક, નિરાશાજનક અને નકારાત્મક વિવેચનથી વિદ્યાર્થીના માનસ પર એવી અસર થાય છે કે હું નબળો છું, નકામો છું, મારામાં બુદ્ધિ નથી, હું કાઇ કરી શકવા શકિતમાન નથી, હું નાપાસ થવા જ સર્જાયો છું, આવી ભયગ્રંથિ તેના જીવન માટે ઘાતક નીવડે છે.

(૨) અન્ય સાથે અનાવશ્યક તુલના : દરેકનું વ્યકિતત્વ વિશિષ્ટ હોય છે, દરેકની શકિત અને મર્યાદા પોતીકી હોય છે. આથી વિદ્યાર્થીની અન્ય વિદ્યાર્થી સાથે, સંતાનની બીજા સંતાન સાથે યા એક મિત્રની બીજા મિત્ર સાથે સરખામણી કરવી આવશ્યક નથી. અન્ય સાથે સરખામણી કરી તેને ઉતારી પાડવાની ટેવ વિદ્યાર્થીને નુકશાન કરનારી છે. 'તું તારા ભાઇ કરતાં અભ્યાસમાં કેમ નબળો ? તું તારી બહેન કરતાં વધુ સારું ચિત્ર દોરી શકતો નથી.' આ પ્રકારની સરખામણી અવળી અસર પાડનારી બની રહે છે.

(૩) તિરસ્કારપૂર્ણ વર્તનથી વિદ્યાર્થીની લાગણી દુભાય છે. 'Fear of Failing' ઘર કરી જાય છે, આત્મવિશ્વાસ ગુમાવે છે. પોતાની નજરમાં જ પોતે ઉતરી જાય છે અને પ્રેમભર્યા વર્તાવને અભાવે વિદ્યાર્થી તોફાની, અતડો, મૂંઝાયેલો બની રહે છે.

(૪) ઉતારી પાડવાની લાગણીથી તે હતાશા અથવા Depression અનુભવે છે. નિષ્ફળતા મળતાં, તેને પ્રેરિત કરવાને બદલે ઉતારી પાડવાથી અસાહતાની લાગણી અનુભવે છે. 'Self image' ઉભી કરવાની અડચણ અનુભવે છે.

(૫) નિષ્ફળતા પરત્વેનો દૃષ્ટિકોણ : નિષ્ફળતા એ કાંઇ મોટો અપરાધ નથી. નિષ્ફળતા દ્વારા જ સાચી પરિસ્થિતિનો ચિતાર મળી શકે. નિષ્ફળતા જ સફળતાના દ્વારા ખોલી શકે. દરેક વ્યકિતને નિષ્ફળ જવાનો અધિકાર છે. કયારેક નિષ્ફળતા જ સફળતાની ચાવી બની રહે છે. આ સત્ય વિદ્યાર્થીના મન અને હૃદયમાં ઉતારવાને બદલે નિષ્ફળતાની ખણખોદ કર્યા કરવાથી વિદ્યાર્થીની લાગણી ઘવાય છે.

(૬) અન્યની વધુ પડતી અપેક્ષાઓ : દરેક વ્યકિતની પોતાની આગવી ઇચ્છા-અપેક્ષાઓ હોય છે. આ અપેક્ષાઓ ઉપર અન્યની અપેક્ષાઓ લાદવામાં આવે છે ત્યારે તે uncomfortable (અસ્વસ્થતા)નો ભાવ અનુભવે છે.

(૭) સમાજનો નકારાત્મક દૃષ્ટિકોણ : કોઇ પણ વ્યકિતની પ્રગતિને પ્રશંસાના પુષ્પોથી વધાવવાને બદલે કોઇ ને કોઇ ક્ષતિ દ્વારા પ્રગતિને રોકવાનો સ્થાયીભાવ વધતો જતો જણાય છે. આથી વિદ્યાર્થી આત્મવિશ્વાસથી આગળ વધવાને બદલે નિરુત્સાહિત થાય છે.

આ પ્રકારના નકારાત્મક વલણોથી બચનાર 'Self image' ઉભી કરવામાં સફળ થાય છે. સમાજને જવાબદાર અને સમજદાર નાગરિકની ભેટ આપવા માટે વિદ્યાર્થીનું કાળજીપૂર્વક જતન અને સંવર્ધન થાય એ આવશ્યક છે.











શાળામાં ધો. ૧ થી ૮માં બાલસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ અલગ અલગ કૃતિઓ પ્રસ્તુત કરી હતી.






વિદ્યાર્થીઓને
અભ્યાસમાં
આવતા વિષયાંગને
પ્રેક્ટીકલ દ્વારા
ઉંડાણપૂર્વકની
સમજ આપવામાં
આવેલ હતી.






## રંગીન નંબર પ્લેટનો અર્થ જાણો છો ?

આપણે ઘણી વાર રોડ પર જતી વખતે અલગ અલગ રંગની નંબર પ્લેટવાળી ગાડીઓ જોઇએ છીએ. કાળી, પીળી, વાદળી, લાલ રંગોની આ દરેક નંબર પ્લેસના અર્થ અલગ હોય છે. વાદળી નંબર પ્લેટ જે ગાડીઓ પર હોય, એ વિદેશી દૂતાવાસ અથવા યુએન મિશન માટે હોય છે. એના પર સફેદ રંગથી નંબર લખેલા હોય છે. કાળી નંબર પ્લેટવાળી ગાડીઓ મોટી હોટલો કોમર્શિયલ ઉપયોગ માટે રાખે છે. તે અહીં. માણસોને હોટલે લાવવા અને મૂકવા જવા માટે ઉપયોગમાં લેવાય છે. જેની નંબર પ્લેટ લાલ રંગની હોય છે એ રાજ્યપાલ અથવા રાષ્ટ્રપતિની હોય છે. સફેદ નંબર પ્લેટ સામાન્ય લોકોની ગાડી પર લગાવેલી હોય છે. પીળી નંબર પ્લેટ કોમર્શિયલ ઉપયોગમાં લેવાતી ટેક્સી અથવા ટ્રકો માટે હોય છે.

જાડેજા પર્યાપ્તી એસ. ધો.૫ એ.

## સૌથી લાંબુ આયુષ્ય ધરાવતી વનસ્પતિ



પૃથ્વી પર વનસ્પતિ સૌથી લાંબુ આયુષ્ય ધરાવતો સજીવ છે. તેમાંથી કેલિફોનિયા નજીક મોજાવીના રણમાં થતી વનસ્પતિઓ આયુષ્યનો વિક્રમ સર્જ્યો છે. આ રણમાં કિંગકલોન નામની વનસ્પતિનો છોડ ૧૧૯૦૦ વર્ષનું આયુષ્ય ધરાવે છે અને આજે પણ હયાત છે. ૪૫ ફૂટના વ્યાસમાં ગોળાકાર વિસ્તારમાં ફેલાયેલા કિંગકલોનને ઝીણા પાન હોય છે. પાન ઉપર મીણ જેવું આવરણ હોય છે.એટલે કે પાણીની અછતમાં પણ તે જીવિત રહે છે. આ અજાયબ વનસ્પતિ વિસ્તારમાં લોકોને જવાની મનાઇ છે. આ છોડ પર પીળા ફૂલ બેસે ત્યારે સુંદર દેખાય છે. કિંગ કલોનને પોતાની આસપાસ અન્ય વનસ્પતિને ઉગવા દેતી નથી તેવી માન્યતા છે.

ખારેચા રક્ષિત એ . ધો.૨ એ.

## ફૂલનું નામ ડ્રેકયુલા ?



નવલકથા અને ફિલ્મોમાં ખૂબ જાણીતું કિરદાર છે. સૌથી રોચક વાત તો એ છે કે આવું માત્ર એક જ ફૂલ નથી, ૧૧૮ પ્રકારનાં ડ્રેકયુલા ફૂલો છે. વિવિધ ડિઝાઇનમાં ડ્રેકયુલા ફૂલો કુદરતે સર્જ્યાં છે. વૈવિધ્ય તો કુદરતે એમાં પણ મૂકયું છે. પેરુ, મેકિસકો, ઇકવાડોર, મધ્ય અમેરિકામાં જ ડ્રેકયુલા ફૂલો જોવા મળે છે. એ સિવાયના દેશોમાં એની બોલબાલા નથી. ઇકવાડોરમાં તો ૩૦૦૦ ફુટની ઊંચાઇએ ફૂલ થાય છે. ડ્રેકયુલા જે દેશોમાં ઉત્પન્ન થાય છે એ દેશોની ફૂલોની દુનિયામાં એ આકર્ષણનું કેન્દ્ર છે. ચર્ચાનું કેન્દ્ર છે.દુનિયાના અત્યંત ખૂબસૂરત ફૂલોમાં ઓર્કિડનાં ફૂલો સામેલ થાય છે, ઓર્કિડનું એક ડ્રેકયુલા સ્વરૂપ પણ છે જે વગોવાયેલું છે. અલબત, દુનિયામાં તો ઓર્કિડ ફૂલો એની ખૂબસૂરતી માટે જ જાણીતા છે. એના આ અપવાદરૂપ વિશે વનસ્પતિમાં રસ ધરાવતાં લોકો સિવાય અન્યોને ઝાઝી ખબર નથી.

- કરગથરા ધવલ ડી., ધો.૧૦ બી.



## ત્રણ હૃદય વાળું પ્રાણી

આ જોઇને તમને નવાઇ લાગશે કે કોઇ પ્રાણીને ત્રણ હૃદય હોય કે.! પરંતુ હા ‘કટલફીશ’ નામની એક માછલી છે. જેને ત્રણ હૃદય હોય છે. તેના બે હૃદય ચૂઇ(તરવાનું અંગ) ની પાસે હોય છે. જે અશુધ્ધ લોહીને ચૂઇમાં મોકલે છે. અહીંથી લોહી ત્રીજા હૃદયમાં જાય છે. અને શરીરના વિવિધ ભાગો સુધી પહોંચે છે.

કટલફીશનું લોહી વિચિત્ર પ્રકારનું હોય છે. બધા જ પ્રાણીનું લોહી હિમોગ્લોબિનને કારણે લાલ હોય છે. જ્યારે કટલફિશનું લોહી વાદળી રંગનું હોય છે. કટલફીશના લોહીમાં હિમોસાઇસીન નામનો પદાર્થ હોય છે. જે લોહીને વાદળી બનાવી દે છે. હિમોગ્લોબિનમાં લોખંડ હોય છે. જ્યારે હિમોસાઇસીનમાં તાંબુ હોય છે.

વેગડા ઝાંખી એચ., ધો. ૨ એ.





પંચશીલ ઈંગ્લીસ મિડીયમ સ્કૂલમાં એસેમ્બલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.










પંચશીલ ઈંગ્લીસ મિડીયમ સ્કૂલ K.G અને 1 to 5 માં ફેન્સીડ્રેસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## અવકાશયાત્રીઓ અવકાશમાં જઈ શું શું કરે છે ?



અવકાશયાત્રીઓ અવકાશમાં આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર ઉતરી ત્યાં રોકાણ કરી જાતજાતના સંશોધનો અને કામ કરે છે. કેટલાક દેશોએ સાથે મળીને અવકાશમાં આંતરરાષ્ટ્રીય અવકાશ મથકની સ્થાપના કરી છે. આ આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન એક મોટા અવકાશયાન જેવું છે અને સતત પૃથ્વીની પ્રદક્ષિણા કર્યા કરે છે. તેમાં કોલંબસ લેબોરેટરી છે. પૃથ્વીથી ૪૦૦ કિલોમીટરની ઉંચાઇએ દર કલાકે ૨૮૮૦૦ કિલોમીટરની ઝડપે તે પૃથ્વીની આસપાસ ફરે છે. તે ૨૩૯ ફૂટ લાંબું અને ૩૫૬ ફૂટ પહોળું છે તેમાં છ અવકાશયાત્રી રોકાણ કરી શકે છે. છેલ્લા ૧૮ વર્ષથી તે કાર્યરત છે.

અવકાશ મથક પર રોકાણ કરનાર અવકાશયાત્રી દરરોજ ૧૦ કલાક કામ કરે છે. શનિવારે પાંચ કલાક અને રવિવારે રજા પાળે છે. સવારે છ વાગ્યે જાગીને પ્રાતઃકર્મ પૂરા કરી ૮:૧૦ કલાકે કામે લાગી જાય છે. બપોરે એક વાગ્યે ભોજન અને ત્યારબાદ સાંજે ૭:૩૦ કલાકે ભોજન કરે છે ત્યારબાદ ધરતી પર સંપર્ક કરી અને રાત્રે ૯:૩૦ કલાકે સુઇ જાય છે. તેમને સુવા માટે અલગ સ્લીપ સ્ટેશન હોય છે તેમાં પોતાનું લેપટોપ વગેરે રાખે છે. તેઓ ફિલ્મ જોઇ શકે છે અને સંગીત સાંભળી શકે છે. નિષ્ણાત આહારશાસ્ત્રીઓએ તૈયાર કરેલો પોષક આહાર તેમના માટે તૈયાર હોય છે. અવકાશયાત્રીઓ વિવિધ સંશોધનો, અવકાશના અવલોકનો ઉપરાંત ક્યારેક ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનનું સમારકામ પણ કરે છે તેઓ અવકાશમથકની બહાર નિકળી સ્પેસ વોક પણ કરી શકે છે.

જાડેજા આદિત્યરાજ જે. ,ધો.૧૦ બી.

## પક્ષીઓ દાંત વિના ખોરાક કેવી રીતે ચાવે ?





ભોજન ચાવીને કરવું જોઇએ. આહારશાસ્ત્રીઓ કહે છે કે એક કોળિયો 40 વખત ચાવીએ તો જ ખોરાકનું પાચન બરાબર થાય. દૂધ ખાવું જોઇએ અને ખોરાક પીવો જોઇએ તેમ પણ કહેવાય છે. દરેક પ્રાણીઓને ખોરાક ચાવવા માટે દાંત હોય છે. પરંતુ પક્ષીઓ ચાંચ વડે દાણા ચણે છે. અને આખા જ પેટમાં ઉતારે છે. તેમનો ખોરાક પણ ચાવીને તુટીને પ્રવાહી બને તે જરૂરી છે. પક્ષીઓ ખોરાક કેવી રીતે ચાવે છે તે જાણો છો ? પક્ષીઓને દાંત નથી હોતા પણ ગળાના છેડે એક વધારાની હોજરી હોય છે. તેને ગિઝાર્ડ કહે છે. ગિઝાર્ડની અંદરની દિવાલ પર સખત રેસાઓ અને તંતુઓ હોય છે. આ ગિર્ઝાડમાં અનાજના દાણા દળાય છે. અને ચવાય છે. ઘણા પક્ષીઓ અનાજ સાથે કાંકરા પણ ચણે છે. કાંકરા અનાજના દાણાને તોડવામાં મદદરૂપ થાય છે. પક્ષીઓનો ખોરાક ઓછો હોય છે. એટલે નાનકડું ગિઝાર્ડ પણ ઉપયોગી થાય છે. ગિઝાર્ડમાં ખોરાક દળાયા પછી મુખ્ય હોજરીમાં જાય છે. તમને જાણીને નવાઇ લાગશે પણ ગિઝાર્ડમાં ખોરાક દળાઇ ગયા પછી નકામા કાંકરા અને કણો બહાર ફેંકવા માટે પક્ષીઓ ટહૂકા કે ઘૂઘવાટ કરે છે જેથી ગળા પર દબાણ થઇ નકામા રજકણો બહાર ફેંકાય જાય છે. આમ પક્ષીઓને ખોરાકમાં પાચન માટે વિશિષ્ટ સુવિધા છે.

ઢોલરીયા તીર્થ એ., ધો.૧૦ એ.



## જાણવા જેવું



૧. ઓસ્ટ્રેલિયામાં માણસો કરતા કાંગારૂની વસ્તી વધારે છે.

૨. નાનકડું હમીંગબર્ડ વટાણાના દાણા જેવડા ઈંડા મુકે છે.

૩. ઓકટોપસની આંખની કીકી ચોરસ હોય છે.

૪. કંસારીના કાન તેના પાછલા છુંટણમાં હોય છે.

૫. કટલફીશ નામની માછલીને ૩ હૃદય હોય છે.

૬. ખૂંધ વાળા ઊંટની કરોડરજ્જુ સાવ સીધી હોય છે.

૭. અસરતા ફરમન નામના માણસ પાસે ૫૫૧ એટલે કે દુનિયાના સૌથી વધુ વર્લ્ડ રેકોર્ડ દીવાનો રેકોર્ડ છે.

૮. સ્પાઈડર ક્રેબ નામના કરચલાને હાડકાની જગ્યાએ શરીર પર જાડુ પડ હોય છે જે તે આખા જીવનમાં ૧૨ વખત શરીર પરથી ઉખાડી નાખે છે અને નવું કવચ ઉગી જાય છે.

મારકણા શ્રેયસ આર., ધો.૮ બી.



# શાળાકિય પ્રવૃતિ

















વેસ્ટમાંથી બેસ્ટ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવેલ જેમાં
વિદ્યાર્થીઓએ ખૂબ જ સરસ આર્ટ એન્ડ ક્રાફ્ટ રજૂ કરી ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.







'વિશ્વયોગદિન' ની શાળામાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.




# પંચશીલ સ્કૂલના દ્વિતીય સેમેસ્ટરના તારલાઓ

## Nur. (Eng)



| | |
|---|---|
| બસિયા કર્ણવિર | પ્રથમ |
| ભુવા ધ્યાના | દ્વિતિય |
| પટેલ પ્રિન્સ | તૃતિય |

## LKG - A (Eng)



| | |
|---|---|
| પરસાણીયા પ્રાંસી | પ્રથમ |
| ગોહેલ ભાવિન | દ્વિતિય |
| દેસાઈ પૂર્વા | તૃતિય |

## HKG - A (Eng)



| | |
|---|---|
| રાઠોડ જીયા | પ્રથમ |
| ડોડિયા નક્ષ | દ્વિતિય |
| મેર દર્શ | તૃતિય |

## Nur. (Guj)



| | |
|---|---|
| ગોહેલ દિર્ઘ | પ્રથમ |
| ખુંટ શુભ | દ્વિતિય |
| કાચા માનસ | તૃતિય |

## LKG - A (Guj)



| | |
|---|---|
| લીબાસીયા વિધી | પ્રથમ |
| ડોડીયા સિધ્ધરાજ | દ્વિતિય |
| ભોગાયતા દિપકુમાર | તૃતિય |

## HKG - A (Guj)



| | |
|---|---|
| પરસાણા પરિક્ષીત | પ્રથમ |
| જોગી યુગ | દ્વિતિય |
| કિયાડા મૈત્રીક | તૃતિય |

## ધોરણ : 1 (Eng)



| | |
|---|---|
| મોરડીયા વેદ | પ્રથમ |
| કાબરા લક્ષ | દ્વિતિય |
| જાડેજા મિતાક્ષીબા | તૃતિય |
| સાંચલા રાજવી | તૃતિય |

## ધોરણ : 2 (Eng)



| | |
|---|---|
| અજુડિયા ક્રિવા | પ્રથમ |
| પટેલ આદિત્ય | દ્વિતિય |
| રાઠોડ કાંક્ષા | તૃતિય |

## ધોરણ : 3 (Eng)



| | |
|---|---|
| ઘોરેચા જેનીશા | પ્રથમ |
| ઘવા આર્વી | દ્વિતિય |
| ફિચડીયા ધ્રુપદ | તૃતિય |

## ધોરણ : 1 - A



| | |
|---|---|
| વેગડા ઝાખી | પ્રથમ |
| વણપરીયા ભાર્ગવ | દ્વિતિય |
| બાવડેચા નિશાંત | તૃતિય |
| ગજેરા શ્યામ | તૃતિય |

## ધોરણ : 1 - B



| | |
|---|---|
| જાડેજા યુવરાજસિંહ | પ્રથમ |
| ગામી કશ્યપ | દ્વિતિય |
| સોરઠીયા પંથી | તૃતિય |
| ઘેટીયા શાનવી | તૃતિય |

## ધોરણ : 2 - A



| | |
|---|---|
| ગોંડલીયા માહી | પ્રથમ |
| દુધયા ગોપી | દ્વિતિય |
| દુદકીયા ધવંશી | તૃતિય |
| ધ્રાંગધરીયા કુંજલ | તૃતિય |

## ધોરણ : 2 - B



| | |
|---|---|
| ગરાછ મહેક | પ્રથમ |
| વરસાણી માહિર | દ્વિતિય |
| વોરા રાધિક | તૃતિય |

## ધોરણ : 2 - C



| | |
|---|---|
| જરીયા કબીર | પ્રથમ |
| પીપરવાડીયા આરોહિ | દ્વિતિય |
| જરીયા હિતેન | તૃતિય |

## ધોરણ : 3 - A



| | |
|---|---|
| કાચા જાનસી | પ્રથમ |
| મેઘનાથી ક્રિષ્ના | દ્વિતિય |
| વરસાણી ખુશ | તૃતિય |

## ધોરણ : 3 - B



| | |
|---|---|
| કુબાવત હર્ષિલ | પ્રથમ |
| ડોબરીયા મંથ | દ્વિતિય |
| ગોસ્વામી શીવમગીરી | તૃતિય |

## ધોરણ : 3 - C



| | |
|---|---|
| સોલંકી નવ્યા | પ્રથમ |
| ડાભી હર્ષિતા | દ્વિતિય |
| ભાસ્કર કૃપાલી | તૃતિય |

## ધોરણ : 3 - D



| | |
|---|---|
| બુસા આર્યા | પ્રથમ |
| ટાંક વંશ | દ્વિતિય |
| બુસા ધાર્મી | તૃતિય |

**સારા કામ માટે સારી સવારતો, રોજ મળે છે, બસ આપણે એને સારા વિચારથી જોવાની જરૂર છે.**




## ધોરણ : 4-A



- અજુડિયા શૌર્ય — પ્રથમ
- ગરાચ્છ રિધ્ધી — દ્વિતિય
- લીબાણી જીલ — તૃતિય

## ધોરણ : 4-B



- સિદપરા મન — પ્રથમ
- નિમાવત ગ્રીવા — દ્વિતિય
- શીગાળા મિશ્વા — તૃતિય

## ધોરણ : 4-C



- હરસોળા સોનાક્ષ — પ્રથમ
- ચોવટીયા નેવ્ય — દ્વિતિય
- દોંગા હૃશિરાજ — તૃતિય

## ધોરણ : 4-D



- ડાભી યુગ — પ્રથમ
- સોલંકી રૂદ્ર — દ્વિતિય
- બાલાસરા માધવ — તૃતિય

## ધોરણ : 5-A



- ચાંડેગરા રાધીકા — પ્રથમ
- કિયાડા એંજલ — દ્વિતિય
- ગજેરા નવ્યા — તૃતિય

## ધોરણ : 5-B



- પેશાવરીયા દિશાંત — પ્રથમ
- પરસાણા દર્શિલ — તૃતિય
- ગોહેલ શૌર્ય — દ્વિતિય

## ધોરણ : 5-C



- ઘાડા રીયાના — પ્રથમ
- શેખડા સંકેત — દ્વિતિય
- પરસાણા દેવર્ષી — તૃતિય

## ધોરણ : 5-D



- રાખેચા હર્ષાલી — પ્રથમ
- લાઢીયા પૃષ્ટિ — દ્વિતિય
- સારેસા વિરેન — તૃતિય

## ધોરણ : 6-A



- ચૌહાણ પ્રાચી — પ્રથમ
- સરધારા પલક — દ્વિતિય
- જાડેજા ગાયત્રીબા — તૃતિય

## ધોરણ : 6-B



- ગોહેલ રામ — દ્વિતિય
- બાલાસરા જેનીશ — તૃતિય
- કાલરીયા નેવ્ય — પ્રથમ

## ધોરણ : 6-C



- પોપટ દેવ — પ્રથમ
- ભુત ભવ્ય — દ્વિતિય
- ઉઘરેજા શ્રેય — તૃતિય

## ધોરણ : 6-D



- કુબાવત જીગર — પ્રથમ
- પોકર હર્ષિલ — દ્વિતિય
- રાણા યશપાલસિંહ — તૃતિય

## ધોરણ : 7-A



- ચિત્રોડા ખુશી — પ્રથમ
- કુકડિયા તન્વી — દ્વિતિય
- ગોસ્વામી તન્વી — તૃતિય

## ધોરણ : 7-B



- ધોળકિયા રોમીલ — પ્રથમ
- આકોલા તીર્થ — દ્વિતિય
- યાદવ દેવ — તૃતિય

## ધોરણ : 7-C



- ગોંડલીયા શિવમ — પ્રથમ
- ભટ્ટ જય — દ્વિતિય
- પરમાર કાવ્યા — તૃતિય

## ધોરણ : 8-A



- કાથરોટીયા કક્ષા — પ્રથમ
- ઘોઘારી ટીશા — દ્વિતિય
- વાડોદરીયા દૃષ્ટિ — તૃતિય

## ધોરણ : 8-B



- ભગદેવ કશ્યપ — પ્રથમ
- માણાવદરીયા પ્રિન્સ — દ્વિતિય
- પંચાસરા સુજલ — તૃતિય

## ધોરણ : 8-C



- દોંગા કૌશલ — પ્રથમ
- વ્યાસ વત્સલ — દ્વિતિય
- કોટક વત્સલ — તૃતિય

**શિક્ષણ માટે કરેલ ખર્ચ એ બાળક માટે ભવિષ્યનું મુડી રોકાણ છે**

# પંચશીલ સ્કૂલના દ્વિતીય સેમેસ્ટરના તારલાઓ




## ધોરણ : 9-A



- સહાની શિવમ — પ્રથમ
- વોરા સ્મિત — દ્વિતિય
- ટાંક યશ — તૃતિય

## ધોરણ : 9-B



- ભાલાણી ભવ્ય — પ્રથમ
- ગોહેલ સુરજ — દ્વિતિય
- દેશાઈ ઉમંગ — તૃતિય

## ધોરણ : 9-C



- ખારેચા ત્રિયુગ — પ્રથમ
- અન્સારી મુજાહિદરઝા — દ્વિતિય
- સોલંકી યશદિપ — તૃતિય
- શર્મા નિશીત — તૃતિય

## ધોરણ : 9-D



- જાડેજા દેવાશીબા — પ્રથમ
- કપુરીયા એન્જલ — દ્વિતિય
- ગૌસ્વામી નેન્સી — તૃતિય

## ધોરણ : 11-A



- ચાંડેગરા મેઘા — પ્રથમ
- ચાંડેગરા મેઘના — દ્વિતિય
- પંચાલ કુંજલ — તૃતિય

## ધોરણ : 11-B



- પરમાર પાર્થ — પ્રથમ
- શિંગાળા એવમ — દ્વિતિય
- વઘાસીયા ઉત્સવ — તૃતિય




## ધોરણ : 11-C



- વાવડિયા રાજ — પ્રથમ
- વાઘેલા રાજ — દ્વિતિય
- ડોબરીયા ધાર્મીક — તૃતિય










શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા વાલીશ્રીઓએ પણ આ મેગેઝીનમાં સ્વરચિત રચનાઓ (કવિતા, વાર્તા વગેરે) કે પોતાના વિચારો રજૂ કરવા માટે આવકારવામાં આવે છે. યોગ્ય કૃતિ કે વિચારને સ્થાન મળશે. મેગેઝીનમાં કૃતિ કે વિચાર પ્રકાશિત કરવા માટે આખરી નિર્ણય સંપાદકનો માન્ય ગણાશે.

# વિદ્યાર્થી સન્માન





























S.S.C અને H.S.C માર્ચ બોર્ડની પરીક્ષામાં A1 ગ્રેડ મેળવનાર
વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

# શ્રેષ્ઠ પરિણામની પરંપરા...

## SSC માર્ચ 2022 નું પરિણામ

ગુજરાત બોર્ડ
**પ્રથમ**
વિજ્ઞાન - ૧૦૦
સામાજિક વિજ્ઞાન - ૧૦૦
મેળવનાર વિદ્યાર્થી

### 99 PR થી વધુ મેળવનાર વિદ્યાર્થીઓ




કાલરિયા ચશ્વી | ચોટલિયા ગુંજન | ખૂંટ વૃષભ | વેકરિયા ઓમ




ડાંગરિયા ગુંજન | ટાંક અવિનાશ | બુધ્ધભટ્ટી મન | વરૂ હેમાંશી

### 95 PR થી વધુ મેળવનાર વિદ્યાર્થીઓ



ચુડાસમા નિધિ | પરસાણા ક્રિષ્ના | ડોબરિયા રોહન | વ્યાસ વેદ



રામાણી પરમ | ઘેલાણી હાર્ગી | મેર હિમેશ | સિતાપરા ધારિણી



સાંગાણી તનિષા | જોષી શુભમ | સાંગાણી આયુષી | સરપદડિયા જીત | રૂપાપરા સિધ્ધ | દોમડિયા મહેક | પટેલ દ્વનિ | મુછડિયા હિરેન | હુંબલ કાજલ



કારેણા દિપ | ત્રિવેદી રિધ્ધી | દાફડા પલક | શેખલિયા હિતાર્થી | સિંઘવ રાજદિપ | બાબિયા પ્રિયાંશી | રૈયાણી આર્ષવી | રોલા રાજ | ટાંક ઉત્સવ

## HSC (કોમર્સ) માર્ચ 2022 નું પરિણામ

### 99 PR થી વધુ મેળવનાર વિદ્યાર્થીઓ




બુસા કાર્તિક | કલોલા ધ્રુવી | જાડેજા રૂપાલીબા

ગુજરાત બોર્ડ
**પ્રથમ**
આંકડાશાસ્ત્ર
અને વા.વ્યવસ્થા
૧૦૦/૧૦૦
મેળવનાર વિદ્યાર્થીઓ




નાથાણી ક્રિષા | કણસાગરા સારા

### 95 PR થી વધુ મેળવનાર વિદ્યાર્થીઓ



દુધાત્રા જેનીલ | બોરીચા આરતી | વાસણ આરતી | પરમાર માધવી | ઘાડિયા વિધી



ભગદેવ જીગીષા | શેખડા ધ્રુવી | ગોરસીયા ગૌરવ | જોબણ અર્શ | ચૌહાણ યુવરાજ



ટીલાળા દ્રષ્ટિ | ગોહિલ ધવલસિંહ | વાઘેલા મૌલિક | સોનારા ધ્રુવી | જાવીયા દેવ

ચંદ્ર અને ચંદન કરતાં પણ સજ્જનોની સંગત વિશેષ શીતળ હોય છે